ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૨ ટકા

# શહેરમાં વડસાવિત્રી વ્રતની શ્રધ્ધાપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા.૨૭

આજે શહેરના વિવિધ મંદિરોમાં વડસાવિત્રીના વ્રત નિમિત્તે સ્ત્રીઓ દ્વારા ઉપવાસ તથા વડનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. વડસાવિત્રીનું વ્રત હિન્દુ ધર્મોના બધા વ્રતોમાંનું એક મહત્વપૂર્ણ વ્રત છે. આ વ્રત જેઠ માસની અમાસના દિવસે ઉજવવામાં આવે છે. કહેવાય છે કે તેને સૌભાગ્ય અને સંતાન પ્રાપ્તિ માટે કરવામાં આવે છે. શહેરના પંચેદવ મંદિર, ઓમકારેશ્વર મંદિર, શિવશકિત મંદિર વગેરે જગ્યાએ સ્ત્રીઓ દ્વારા વડની પૂજા કરવામાં આવી હતી. આજના દિવસે ૧૨ પૂનમની પૂજા કરવામાં આવતી હોય છે. પરિણીત સ્ત્રીઓ પતિના લાંબા આયુષ્ય માટે સાવિત્રીની જેમ વડની પૂજા કરે છે તથા ઉપવાસ કરીને જાગરણ તથા પારણાં કરે છે.

સાવિત્રીએ પોતાના પતિને સજીવન કરવા માટે યમરાજ પાસે વરદાન માંગ્યું હતું. જેમાં સાવિત્રીએ યમરાજા પાસે સો પુત્રોનું વરદાન માંગી લેતા યમરાજને સત્યવાનને પુનઃજીર્વિત કરીને સાવિત્રીને પરત સોંપવાની ફરજ પડી હતી. સત્યવાનને પાછો મેળવવા માટે સાવિત્રીએ વડની પૂજા કરીને આખો દિવસ ઉપવાસ તથા પૂજા અર્ચના કરી હતી. એ જ રીતે અત્યારે સ્ત્રીઓ પોતાના પતિના લાંબા આયુષ્ય તથા સુખાકારી માટે વડસાવિત્રીનું વ્રત કરે છે. જેમ યમરાજા સાવિત્રીને તેનો પતિ પાછો આપવા માટે બંધાઈ ગયા હતા તેવી જ રીતે યમરાજાની કૃપા મેળવવા માટે મહિલાઓ આ વ્રત કરે છે.



વડસાવિત્રીના વ્રતના દિવસ સ્ત્રીઓ વહેલી સવારે નાહી ધોઈને મંદિરે જઈને વડની પૂજા કરે છે. કહેવાય છે કે વડની જડમાં બ્રહ્મા, તનમાં વિષ્ણુ તથા ડાળી તથા પાનમાં ભગવાન શિવનો વાસ છે માટે તેઓ વડની પૂજા કરે છે. વડના ઝાડની આસપાસ ૭ વાર કાચો દોરો બાંધી પ્રાર્થના કરવામાં આવે છે. આ દિવસે વડના ઝાડને સુહાગનો સામાન પણ અર્પણ કરવાની પ્રથા છે. કથા વાર્તા સાંભળીને ઈષ્ટદેવનું સ્મરણ કરે છે. કથા વાર્તા સાંભળ્યા પછી ચણા ગોળનો પ્રસાદ આપવામાં આવે છે. બંને ટાણું ઉપવાસ રાખીને આખી રાત્રિ જાગરણ કરે છે તથા બીજા દિવસે ગળ્યું ખાઈને ઉપવાસ તોડે છે તેમજ ઘરમાં વડીલોના આશીર્વાદ પણ મેળવે છે. કથા વાર્તા સાંભળવાથી મહિલાઓની અખંડ સૌભાગ્યવતીની ઈચ્છા પુરી થાય છે. આ દિવસે દાન દક્ષિણાનું પણ મહત્વ છે.

મંદિરના પૂજારીઓ જણાવે છે કે વડસાવિત્રીનું વ્રત કરતી સ્ત્રીઓએ તેના પતિ સિવાય કોઈ બીજાનું ચિંતન કરવું નહી, પતિ જેમ રાખે તેમ રહેવું, પતિને પ્રસન્ન રાખવા તથા તન-મન-ધનથી પતિને સમર્પિત થવું. આ ઉપરાંત ચોરી કે દુષ્કૃત્ય ન કરવું, જુઠ્ઠું ન બોલવું, સત્કાર્ય કરવા, બ્રહ્મચર્યનું પાલન કરવું, મંદિર સિવાય કયાંય પરિભ્રમણ ન કરવું.

વડસાવિત્રીના વ્રત નિમિત્તે પાટનગરમાં વિવિધ જગ્યાઓએ મહિલાઓ નવા વસ્ત્ર-પરિધાન કરીને વડની પૂજા-અર્ચના કરતી જોવા મળી હતી. મંદિર પરિસરોમાં ઉત્સવ જેવો માહોલ જામ્યો હતો. ભારતવર્ષની જનતા ધર્મપ્રેમી જનતા છે. દરેક વ્રત-તહેવારની ઉજવણી ભારે આસ્થા તેમજ શ્રધ્ધાથી નાગરિકો દ્વારા કરવામાં આવે છે.

## સે-૫ બી ખાતે વિજપોલ શોભાના ગાંઠીયા સમાન

### છેલ્લા દશ દિવસથી રીંગરોડ અને આંતરીક માર્ગની લાઈટો ડુલ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી ખાતે છેલ્લા દશ દિવસથી સ્ટ્રીટ લાઈટ બંધ હાલતમાં છે. લાઈટ બંધ હોવાથી સમગ્ર વિસ્તાર સાંજ ઢળતા જ અંધારપટમાં છવાઈ જાય છે. અંધારાને પગલે વસાહતીઓને ચોરીનો ભય પણ સતાવી રહ્યો છે. ત્યારે શહેર નિર્માણ થયાને પાંચ પાંચ દાયકાનો સમય વિતી ગયો હોવા છતા સેકટર-૫ બીના વસાહતીઓને કોઈ દુરના અંતરીયાળ ગામમાં રહેતા હોય તેવું લાગી રહ્યું છે. તંત્ર સમક્ષ લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા આજ દિન સુધી સ્ટ્રીટ લાઈટો શરુ થઈ નથી. ત્યારે સેકટર કયારે લાઈટોથી ઝળહળતુ થશે તેની રાહ વસાહતીઓ જોઈ રહ્યા છે.

ગાંધીનગર શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે તંત્ર દ્વારા કમર કસવામાં આવી રહી છે. સમગ્ર રાજયનો વહીવટ જયાથી થાય છે તે રાજયની રાજધાનીમાં જ અંધેર વહીવટ ચાલી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. પાટનગરને દિવસની જેમ રાત્રે પણ ઝગમગતુ રહે તે માટે તંત્ર દ્વારા તમામ સેકટર, આંતરીક માર્ગો તેમજ મુખ્ય માર્ગો પર વિજપોલ ઉભા કરાયા છે. તંત્ર દ્વારા અંધારું થતા લાઈટ શરુ થાય અને દિવસ ઉગે ત્યારે બંધ થાય તેવી સિસ્ટમ ફીટ કરાઈ છે. ત્યારે સેકટર-૫ બી ખાતે રીંગ રોડ અને રહેણાંક વિસ્તારના આંતરીક માર્ગ પર આવેલા વિજપોલ છેલ્લા દશ દિવસથી બંધ હાલતમાં છે. રાત્રીના સમયે અંધકારને પગલે અકસ્માત પણ સર્જાવાનો ભય રહે છે. જયારે વર્ષો જુના સ્ટ્રીટ લાઈટના થાંભલાની જાળવણી પણ અનિવાર્ય બની ગઈ છે. સેકટરના ગાર્ડનમાં તો પાંચ વર્ષથી લાઈટ ના હોવાથી અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયો છે. રાત્રીના સમયે વસાહતીઓને ચોર તેમજ અસામાજીક તત્વોનો ભય સતાવી રહ્યો છે. લાઈટો શરુ કરવા તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા પરિણામ મળ્યું નથી જેને પગલે વસાહતીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે સેકટર-૫ બી ના આંતરીક તેમજ ગાર્ડનની લાઈટો સત્વરે શરુ કરવામાં આવે તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે.

## પાટનગરમાં તસ્કરરાજ : વધુ એક દુકાન અને બે મકાનના તાળા તુટ્યા

### તસ્કરોએ પોલીસની કહેવાતી નાઇટ પેટ્રોલિંગની વાતોના ધજીયા ઉડાડી નાખ્યા : સક્રિય થયેલી તસ્કરોની ગેંગ સામે પોલીસ લાચાર

ગાંધીનગર, તા.૨૭

રાજયના પાટનગરમાં જાણે તસ્કરોનું રાજ આવી ગયું હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લા પોલીસ એક્શન પ્લાન બનાવીને થાકી ગઈ છે તેની સામે તસ્કર ટોળકી ડબલ જોશ સાથે શહેરના મકાનો અને દુકાનો ટાર્ગેટ બનાવીને ચોરી કરી રહી છે. સઘન નાઈટ પેટ્રોલીંગની પોલીસની વાતો હવે મજાક બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. તસ્કરોએ ગઈકાલે જ સેક્ટર-૬માં ત્રણ મકાન-દુકાનોના તાળા તોડ્યા હતા ત્યારે ગત રાત્રિ દરમિયાન સેક્ટર-૬ ખાતે વધુ બે મકાનના તાળા તસ્કરો દ્વારા તોડવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. સેક્ટર-૬ની નમન સોસાયટીમાં બે બંધ મકાનના તાળા તોડી તસ્કરો છુ થઈ ગયા હતા. જો કે કોઈ મોટી માલમતા હાથ લાગી ન હોવાનું જાણવા મળ્યું છે. તો બીજી તરફ સેક્ટર-૨૪માં પણ એક મોબાઈલ દુકાનના તાળા તુટ્યા હોવાનુ જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ સેક્ટર-૬ ખાતે આવેલી નમન સોસાયટીમાં ગત રાત્રિ દરમિયાન તસ્કર ટોળકી ત્રાટકી હતી. તસ્કરોએ બે બંધ મકાનોને ટાર્ગેટ કરીને તેના તાળા તોડી અંદરથી ચોરીનો પ્રયાસ કર્યો હતો. જો કે આસપાસમાં રહેતા પડોશીઓ જાગી જતા તસ્કરોને પડકારવામાં આવ્યા હતા. સોસાયટીના રહીશો ઉઠીને ઘરની બહાર નીકળી જતા તસ્કરોએ ભાગવું પડ્યું હતું. ઘરફોડ ચોરીના પ્રયાસમાં બંને મકાનોમાંથી તસ્કરોને હાથ કાઈ લાગ્યુ ન હતુ. જોકે આ ઘટના મામલે પોલીસ ફરિયાદ થવા પામી ન હતી. તો બીજી તરફ શહેરના સેક્ટર-૨૪ ખાતે આવેલી એક મોબાઈલની દુકાનને પણ આ તસ્કર ગેંગે રાત્રી દરમિયાન ટાર્ગેટ કરી હતી. સેક્ટર-૨૪ની મોબાઈલની દુકાનનું તાળું તોડી અંદર ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે આ મામલે સેક્ટર-૨૧ પોલીસે ફરિયાદ લીધી ન હોવાનું જાણવા મળ્યું છે.



**બિનવારસી લાશની મુકિતધામ ખાતે અંતિમક્રિયા**

ગાંધીનગરના મુકિતધામ સ્મશાન ખાતે આજે કલોલ ગ્રામ્ય પોલીસ સ્ટેશન દ્વારા એક બિનવારસી લાશ અંતિમક્રિયા માટે લવાઈ હતી. આ લાશની મુકિતધામના મેનેજર કિરણસિંહ વાઘેલા તથા સ્ટાફ વિક્રમભાઈ પુરબિયા, પ્રકાશભાઈ વાળોદરા, શૈલેષભાઈ વોરા તથા કલોલ ગ્રામ્ય પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહે મળીને સંપૂર્ણ શાસ્ત્રોકત વિધિ અનુસાર અંતિમક્રિયા કરી હતી.

## જુનિ. ક્લાર્કના આપઘાત પ્રકરણમાં તેની માતા, ભાઈ અને બહેન સામે ગુનો દાખલ

### સ્યુસાઈડ નોટના આધારે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી

ગાંધીનગર, તા.૨૭

રોજગાર અને શ્રમ વિભાગમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા યુવાને રાંદેસણ ખાતે સત્યમેવ રિવેરામાં પોતાના મકાનમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ પ્રકરણમાં યુવાનની સુસાઈડ નોટના આધારે પોલીસે યુવાનની માતા, ભાઈ અને બહેન સામે આપઘાતના દુષ્પ્રેરણ બદલ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા રાજેશભાઈ નટવરભાઈ પરમારે ૨૩ જૂનના રોજ સવારે પોતાના ઘરે પંખે દુપટ્ટો બાંધી આપઘાત કરી લીધો હતો. રાજેશભાઈની ડાયરીમાંથી એક સુસાઈડ નોટ પણ મળી આવી હતી જેમાં તેની માતા, ભાઈ અને બહેન આપઘાત પાછળ જવાબદાર હોવાનો ઉલ્લેખ કરેલો હતો. તે ઉપરાંત આપઘાત કર્યો તે દિવસે પોતાના ડાબા હાથની હથેળી ઉપર પણ પેનથી જવાબદારના નામ લખીને આપઘાત પાછળ તેમને જવાબદાર ઠેરવ્યા હતા. જે અનુસંધાને મૃતક રાજેશભાઈની પત્ની નિધિ પરમારની ફરિયાદના આધારે ઈન્ફોસિટી પોલીસે મૃતકની માતા સવિતાબેન નટવરભાઈ પરમાર અને ભાઈ ધીરૂભાઈ પરમાર ઉપરાંત નણંદ રંજનબેન કમલેશભાઈ બામણીયા ત્રણેય સામે આપઘાતની દુષ્પ્રેરણા બદલ ગુનો દાખલ કરીને ગુનાની બારીકાઈથી તપાસ શરૂ કરી છે.

## નંદનવન આશ્રમશાળાના બાળકોને નોટબુક-ચોપડાની ભેટ



ગાંધીનગરના સેકટર-૧૩ ખાતે વિમેન વેલ્ફેર સોસાયટી સંચાલિત નંદનવન આશ્રમશાળા ખાતે આજે શહેરની સંસ્થા વી-કેર ફાઉન્ડેશનના ચેરમેન જે.સી. પટેલ તથા સેક્રેટરી રાજુભાઈ પટેલ અને ભરતભાઈ પટેલ દ્વારા શાળાના બાળકોને નોટબુક ચોપડાંનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોને સંસ્થાના હોદ્દેદારોએ ચારિત્ર્ય વાન, જ્ઞાનવાન તથા ઊર્જાવાન બને તેવી શુભેચ્છાઓ પાઠવી આશીર્વાદ આપ્યા હતા.

## પાટનગરમાં પ્રિ-પ્રાયમરી સ્કૂલનો મહિમા

ગાંધીનગર, તા. ૨૭

પહેલાના સમયમાં બાળકોના અભ્યાસનું પ્રથમ પગથિયું ગણાતા એવા 'બાલમંદિર' અને 'આંગણવાડી કેન્દ્રો'નું સ્થાન 'પ્રિ-પ્રાયમરી સ્કૂલ' એ લઈ લીધુ છે. આધુનિક યુગમાં માતા-પિતા પોતાના બાળકોને પ્રિ-પ્રાયમરી સ્કૂલે મોકલવામાં પોતાનું ગૌરવ સમજે છે. પ્લેગ્રુપ, નર્સરી અને કિંડર ગાર્ટન એમ ત્રણ તબક્કે પ્રિ-પ્રાયમરી શાળામાં બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. પાટનગરમાં પણ ખૂબ જ મોટા પ્રમાણમાં પ્રિ-પ્રાયમરી શાળાઓ જોવા મળી રહી છે.

શહેરમાં ઠેર ઠેર પ્રિ-પ્રાયમરી શાળાઓનો રાફડો ફાટ્યો છે. માતા-પિતા પોતાના સંતાનોને શ્રેષ્ઠ વાતાવરણ પુરૂ પાડવા માટે આ પ્રકારની શાળાઓમાં પ્રવેશ અપાવે છે. પાટનગરમાં રંગોલી, સ્માર્ટ કીડ્સ, લીટલ મિલેનિયમ, બડ્સ પ્રિ-સ્કૂલ, ચાણક્ય, લીટલ એન્જલ, સનરાઈઝ ઈન્ટરનેશનલ પ્રિ-સ્કૂલ, લીપ ઈન્ટરનેશનલ સ્કૂલ, વગેરે પ્રિ-પ્રાયમરી શાળાઓ ભૂલકાઓ માટે ઉપલબ્ધ છે. પ્રિ-પ્રાયમરી શાળાઓમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત પીરસવામાં આવે છે. અદ્યતન ટેકનોલોજી તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતી પ્રિ-પ્રાયમરી શાળાઓમાં બાળકો જીવનના પ્રથમ પાઠ શીખે છે.



પ્રિ.પ્રાયમરી શાળાઓમાં પ્લેગ્રુપ કક્ષામાં બાળકોને માથે ભણતરનો બોજ ન નાખતાં ફક્ત લોકો સાથે સુમેળ સાધતા શીખવવામાં આવે છે. ભૂલકાઓને ફક્ત રમવા-મોજમજા કરાવવા પ્લેગ્રુપમાં મુકવામાં આવે છે. ભૂલકાઓ બીજા બાળકોના સંપર્કમાં આવે, વાત-ચીત કરતા શીખે, મિત્રો બનાવે, સારી આદતો કેળવે તેવા ઉદ્દેશ્ય સાથે પ્લેગ્રુપ ચલાવવામાં આવે છે. નર્સરી તથા કે.જી.ના બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ કરાવતાં-કરાવતાં અંગ્રેજી મૂળાક્ષરો, અંકો, ગીતો, રંગો ઓળખવા વગેરે શીખવવામાં આવે છે.

પ્રિ-પ્રાયમરી શાળાઓમાં ડે-કેરની બોલબાલા પણ વધી રહી છે. મસ-મોટી ફીની ઉઘરાણી કરીને ચલાવાતી કેટલીક પ્રિ-પ્રાયમરી શાળાઓમાં બાળકોને યુનિફોર્મ તથા સ્કૂલબેગ જેવી વસ્તુઓ શાળા તરફથી જ લેવાની ફરજ પાડવામાં આવે છે, તેવી વાલીઓની ફરિયાદ છે. આશરે રૂ. ૨૦હજારથી રૂ. ૪૦ હજાર જેટલી ફી શાળાઓ દ્વારા વાલીઓ પાસેથી લેવામાં આવે છે. શહેરમાં સવારના ૯ થી ૨ કલાક દરમિયાન પ્રિ-પ્રાયમરી શાળાઓ તથા ફેન્ચાઈઝી શાખાઓ ચલાવવામાં આવે છે.

બાળકોનો માનસિક વિકાસ ૫ વર્ષથી લઈને ૧૨ વર્ષ સુધી સૌથી વધુ માત્રામાં થતો હોય છે. આ સમયગાળામાં બાળકોને શ્રેષ્ઠ વાતાવરણ પુરૂ પાડવું એ ખૂબ મોટી આવશ્યકતા છે. આધુનિક સમયમાં માતા-પિતા મોર્ડન થઈ ગયા છે. તથા પોતાના બાળકને અંગ્રેજી માધ્યમની શાળામાં પ્રવેશ અપાવવામાં પોતાની શાન સમજે છે. અંગ્રેજી ભાષાના વળગણ વચ્ચે બાળકને માતૃભાષામાં શિક્ષણ આપવાની વાત આજે પણ એટલી જ પ્રસ્તુત છે. ત્યારે માતૃભાષામાં શિક્ષણ આપવાની બાબતે નક્કર પગલાં લેવાય તો આપણી ભાષાનો સમૃદ્ધ વારસો બચાવી શકાય.

## ઉમિયા માતાજી સંસ્થાન ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન, સાહેલી ગ્રુપ, ઉમિયા માતાજી સંસ્થાન તથા ગાંધીનગર અર્બન કો.ઓ. બેંકના સંયુક્ત ઉપક્રમે ઉમિયા માતાજી કેમ્પસ, સેકટર-૧૨ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર એવા જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશનના સ્થાપક પદ્મશ્રી નાના ચુડાસમાના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે રક્તદાન શિબિર યોજવામાં આવી હતી. કેન્સર હોસ્પિટલ અમદાવાદના કેન્સર પીડિત દર્દીઓના લાભાર્થે કેન્સર હોસ્પિટલની ટીમ દ્વારા ૩૬ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પમાં ઉમિયા કેમ્પસમાં થતી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં હાજર રહેતા યુવાનો દ્વારા ઉત્સાહપૂર્વક રક્તદાન કરવામાં આવ્યું હતું.

રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે જાયન્ટસ ગ્રુપના યુનિટ ડાયરેક્ટર બી.એમ. પટેલ, પાસ્ટ પ્રેસિડેન્ટ સાંકાભાઈ પટેલ, નટુભાઈ પટેલ, ડી.ટી. પટેલ, જાયન્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈનના પ્રેસિડેન્ટ વસંત પટેલ, ડી.એ. વિકેશ પટેલ, પટેલ, ડી.એ. અલ્કા પટેલ તથા એમ.ડી. પ્રહલાદ પટેલે હાજર રહી રક્તદાતાઓને ભેટ આપી અર્બન બેંક દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



વાઈસ પ્રેસિડેન્ટ માધુભાઈ પટેલ તથા ઉમિયા સંસ્થાના પ્રમુખ ભરત પટેલ અને ભોળાભાઈ પટેલે સહકાર આપી આયોજન કર્યુ હતુ. આ ઉપરાંત સાહેલી ગ્રુપના પાસ્ટ પ્રેસિડેન્ટ ગાયત્રી કાર્યક્રમમાં સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન મનુ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેવુ જાયન્ટસ વેલ્ફેર ફાઉન્ડેશન ફેડરેશન ૩સીના યુનિટ ડાયરેક્ટર બી.એમ. પટેલે જણાવ્યુ હતુ.

## વાતવાતમાં

● શહેરમાં ચોમાસાના પ્રારંભે સલામતીના ભાગરૂપે તમામ ખુલ્લી ગટરોના નવા ઢાંકણા નાંખી દેવાયા છે. વરસાદના પ્રારંભ સાથે જ સુરક્ષાના આ પગલાં લેવાતા વાહનચાલકોમાં રાહતની લાગણી ફેલાવા પામી છે.

● વાવોલથી પસાર થતા રેલવેટ્રેકની આસપાસ મોટી સંખ્યામાં પોલીસ દેખાતા ગ્રામજનોમાં કંઈ અજુગતું તો બન્યું નથી ને? તેવી ચિંતા સાથે કુતુહલ ફેલાયું હતું. જો કે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે રેલવે ટ્રેકની આસપાસના નકામા દબાણો દૂર કરવા કાર્યરત ટીમને કોઈ અડચણ ના પડે તે હેતુથી સુરક્ષાના ભાગરૂપે રેલવે પોલીસ ફોર્સને હાજર રખાઈ હતી.

● શહેરના ઘ-૭ પ્રેસ સર્કલ પાસે એક બાઈક સવારે પસ્તી-ભંગારની લારી લઈ જઈ રહેલી મહિલાને ટક્કર મારી હતી જેના કારણે લારી ઉંધી વળી ગઈ હતી અને મહિલાને પણ ઈજા થવા પામી હતી. મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તાત્કાલિક સારવાર અપાઈ હતી.

● શહેરમાં વટસાવિત્રીનું વ્રત ઉજવવા પરિણિતાઓએ મંદિર સંકુલોમાં આવેલા વડના ઝાડની પૂજા અર્ચના કરી હતી. આ વ્રતને પગલે વડની આસપાસ મહિલાઓની ભીડ અને મંદિરના પાર્કિંગ લોટમાં પતિદેવોની ભીડ જોવા મળી હતી.

## ઉગમણા સત્તાવીશ ગોળ પરગણાની વાર્ષિક સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ની વાર્ષિક બેઠક તા. ૧-૭-૨૦૧૮ને રવિવારે બપોરે ૧ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે. ટ્રસ્ટના તમામ આજીવન સભ્યો, મહિલા આજીવન સભ્યો તથા આગેવાનોની આઠમી વાર્ષિક વહીવટી અને હિસાબી અહેવાલની કામગીરી માટે વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ સભાસદોને સમયસર હાજર રહેવા માટે પ્રમુખ પી.જે. રાઠોડ તથા મહામંત્રી કનુ મહેરિયા દ્વારા જણાવાયું છે.

## પીંપળજ ખાતે નદી પાસે મૂકેલું ૨૨ લાખનું હિટાચી મશીન સળગી ગયુ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરને અડીને આવેલા બોરીજ ગામમાં રહેતા જગદીશભાઈ છોગાજી વણઝારા ચાલુ વર્ષના જાન્યુઆરી માસમાં જ રૂપિયા ૨૨ લાખની કિંમતનું હિટાચી મશીન લાવ્યા હતા. રેતીખનન માટે વપરાતા આ મશીન મારફતે સાબરમતી નદીમાં પીપળજ ગામની સીમમાં કામ ચાલી રહ્યું હતું. ૨૫મી જૂને સાંજે કામ પતાવીને મશીન નદીના પટ પાસે મૂક્યું હતું અને ડ્રાઈવર ઘરે ગયો હતો. દરમિયાન રાત્રે અઢી વાગ્યાના અરસામાં અચાનક આ મશીન સળગી ઊઠ્યું હતું. શંકાસ્પદ રીતે લાગેલી આ આગમાં ૨૨ લાખની કિંમતનું મશીન સળગીને ખાખ થઈ ગયું હતું. પેથાપુર પોલીસે જગદીશ વણજારાની ફરિયાદના આધારે જાણવાજોગ દાખલ કરી ઘટનાની તપાસ શરૂ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબેન કાળીદાસ મનવર, ઉ.વ. ૭૭
- સ્વ. શુભદ્રાબેન મનુભાઈ વાળંદ, ઉ.વ. ૬૭